

દિવાળી પર ફરજના દિવડા પ્રગટાવે ઈમરજન્સી સેવાના કર્મી

દિવાળી ફેસ્ટિવલ એક એવું પર્વ છે જ્યારે ઘરના બધા સાથે મળીને ઘરના આંગણે દિવા પ્રગટાવે, ઘર સજાવે અને મળીને ફટાકડા ફોડે. તહેવાર ટાણે આમ તો કામ ઓછું થઈ જાય અથવા તો રજા પડી જતી હોય છે.જોકે, આ બધા માટે સંભવ નથી હોતું. સુરતને હોનારતોથી બચાવવાની જવાબદારી જેમણે લીધી હોય, સુરતીઓને સ્વચ્છ રસ્તા પર ચાલવા મળે તે માટે જેઓ શહેરને સ્વચ્છ રાખતા હોય તે ઉપરાંત બીજી ઈમરજન્સી સેવાઓના કર્મચારીઓને શું તેમના પરિવાર સાથે દિવાળી ઉજવવા મળે છે ખરી? તેઓ જ્યારે દિવાળીના પ્રસંગે જ પોતાના નોકરીનું કર્તવ્ય નિભાવવા ઘરેથી બહાર નીકળે છે ત્યારે તેમને કેવું ફિલ થાય છે? તેમના પરિવારને કેવું ફિલ થાય છે, પરિવારનો સપોર્ટ આવા સમયે કેવો મળે છે. તેઓ દિવાળી કેવી રીતે સેલિબ્રેટ કરે છે? તે આપણે અહીં જાણીએ...



દિવાળીના દિવસે સફાઇ કામગીરી કરતા જોઈને લોકો એપ્રિશીયેટ કરે



શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી નિભાવતા સફાઈ કર્મચારીઓમાંના એક એવા જ્યોતિબેન પટેલે જણાવ્યું કે, મારો ડ્યૂટી એરિયા ઇચ્છાપોર વિસ્તાર છે. અમારી ડ્યુટી ૪ કલાકની હોય. દિવાળીના દિવસે અમે કામગીરી કરીએ છીએ. લોકો દિવાળી તેમના પરિવાર સાથે સેલિબ્રેટ કરે ત્યારે અમે શહેરની સ્વચ્છતા માટે કામ કરતા હોઈએ. જોકે, અમને લંચ ટાઈમ પર ઘરે જવા મળતું હોય. દિવાળીના દિવસે ફટકડાનો કચરો વધી જતો હોય અમારું કામ વધારે અગત્યનું થાય. દિવાળી ટાણે પણ અમે સફાઈ કામગીરી કરતા હોઈએ તે જોઈને લોકો અમને એપ્રિશીયેટ કરતા હોય.



ધનતેરસ, દિવાળીના દિવસે અમે ડ્યુટી પર રહીએ ત્યારે અમે વોર્ડ ઓફિસમાં બધા કર્મચારી એકબીજાને મીઠાઈ ખવડાવી દિવાળીની નાનકડી ઉજવણી કરી લઈએ. અમને થાય કે દિવાળીનો આખો દિવસ પરિવાર સાથે રહીએ પણ અમારી ડ્યૂટી પહેલા તે અમે ધ્યાનમાં રાખી શહેરને સ્વચ્છ રાખવાનું દાયિત્વ નિભાવીએ છીએ.



દિવાળીના દિવસે પરિવાર સાથે નથી હોતા

પરિમલ મિસ્ત્રી હાઇડ્રોલિક વિભાગમાં જુનિયર ઈન્જિનીયર છે, અગાઉ તેઓ સુપરવાઈઝર હતાં. તેમણે જણાવ્યું કે, દિવાળીના દિવસો દરમિયાન હું અને હાઇડ્રોલિક વિભાગના બીજા કેટલાંક કર્મચારીઓ સિટીના લોકો જ્યારે પોતાની ફેમિલી સાથે દિવાળી સેલિબ્રેટ કરે ત્યારે લોકોને પાણી પુરવઠો વ્યવસ્થિત રીતે મળી રહે તે માટે જળ વિતરણ મથકો પર ડ્યુટી પર હોઈએ. અમારી ફેમિલી અમારા કામને સમજે છે એટલે તેઓ અમને સપોર્ટ કરે છે. દિવાળી પછી જ્યારે જાહેર રજા મળે ત્યારે અમે ફેમિલી સાથે હોઈએ. અમે જળ વિતરણ મથક પર થોડું ડેકોરેશન કરીએ, દિવા પ્રગટાવીએ અને ગેટ ટૂ ગેધર જેવું ગોઠવી હળવો નાસ્તો કરી દિવાળી સેલિબ્રેટ કરતા હોઈએ છીએ.

મોટાભાગની દિવાળીમાં નાઈટ ડ્યુટી કરી

સ્મીમેર હોસ્પિટલના નિયોનેટલ I.C.U.માં સ્ટાફ નર્સ તરીકે કાર્યરત મીનાબેન પરમારે જણાવ્યું કે, સ્મિમેરમાં 2007થી સર્વિસ કરું છું. અહીં 20 વર્ષમાં મોટાભાગની દિવાળીમાં નાઈટ ડ્યુટી કરી છે. આ વોર્ડમાં બચ્ચાનું એડમિશન આવે એટલે તેને વોર્મરમાં મુકવાનું, તેનું ટેમ્પરેચર મેઈન્ટેન થાય તે જોવું વિ. કામગીરી હોય. મારા બાળકો હવે તો ટેવાય ગયા છે કે, મમ્મીની નાઈટ ડ્યુટી હોય એટલે તે અમારી સાથે ફટાકડા ફોડવામાં નહીં હોય. ત્રણ વર્ષ થયાં મારા હસબન્ડના અવસાનને ત્યારથી દિવાળી પર ફટાકડા ફોડવા મારો દીકરો તેના મામાને ઘરે જાય. હું અને મારી દિકરી સુરતમાં હોઈએ. દિવાળીના દિવસે અમે અન્ય સ્ટાફ સાથીઓ સાથે મીઠાઈ અને દિવાળીના નાસ્તા શેર કરી નાનકડું સેલિબ્રેશન કરીએ. વોર્ડના દરવાજે રંગોળી કરીએ અને ફુલોનું ડેકોરેશન કરતા હોઈએ. આ વખતે પહેલી એવી દિવાળી હશે જ્યારે હું મોર્નિંગ ડ્યુટીમાં હોઈશ.

10 વર્ષથી પરિવાર સાથે તહેવાર નથી ઉજવ્યો






ફાયરમેન કાળુભાઈ બોળીયાએ જણાવ્યું કે, મને ફાયર બ્રિગેડમાં જોડાયાને 10 વર્ષ થયા. આ વર્ષોમાં મેં દિવાળી પર ફાયર સ્ટેશનમાં ડ્યુટી બજાવી છે. દિવાળી વખતે અમારી ઈમરજન્સી લાગુ થાય. ધનતેરસથી લઈને નૂતન વર્ષ સુધી અમારી રજા કેન્સલ થાય. સામાન્ય રીતે અમારી ડ્યુટી ૪ કલાકની હોય પણ આવા સમયે અમે ઓવરટાઈમ કરી 12 કલાકની ડ્યુટી કરીએ. અમારા માટે સુરત શહેરની ખુશીઓ, તેમની સુરક્ષા મહત્ત્વની હોય. હું બે વર્ષ પહેલા દિવાળીના દિવસે ડ્યુટી પર હતો ત્યારે લૂમ્સના એક કારખાનામાં રાત્રીના સમયે આગ લાગતા ઘટના સ્થળે અમે ફાયરકર્મીઓ પહોંચ્યા હતા. ત્યાં આગ ઓલવવાની કામગીરી દરમિયાન આગમાં લપટાયેલું સિન્થેટિક કાપડ મારા હાથ પર ચોંટી જતા હું દાઝ્યો હતો. બીજા દિવસે ફૂલમાર્કેટ પાસે લાગેલી આગ ઓલવવા અમે પહોંચ્યા હતા. મારો પરિવાર મારી કામગીરીને સુપેરે જાણે છે એટલે તેઓ મને મારા કામ માટે એપ્રિશિયેટ કરે છે. અમે ફાયર બ્રિગેડ કર્મીઓ ફાયર સ્ટેશન પર જ એક બીજાનું મીઠાઈથી મોઢું મીઠું કરાવી દિવાળીની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.



‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઇ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઇ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઇ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઇએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..

બહાદુરીની હોડમાં ફટાકડા સામસામા ફેંકાય છે, બળતા કાન, દાઝેલા પગ અને શ્વાસ રૂંધાય છે...



શેરી બની ગઈ છે સરહદ, સામસામે મોરચા મંડાયા છે, આભમાં ઊડનારાં રોકેટ આજે સીધાં બારી-બારણે તકાયાં છે... ‘કોણ બહાદુર?’ની હોડમાં સુતળી બોમ્બ વચ્ચોવચ ફેંકાય છે, ને રાહદારીઓ બિચારા જીવ બચાવી ઓટલે-ઓટલે સંતાય છે! બળતા કાન, દાઝેલા પગ ને ગૂંગળાતા શ્વાસ, શું આ જ છે આપણું દિવાળી-દર્શન!

“આસપાસ દાદા... આસપાસ દાદા...” સુરતની ગલીઓમાં રમતું બાળક જ્યારે કોઈ કૂતરા કે જાનવરથી ડરી જાય છે, ત્યારે તેની માતા તેને આ નામ જપવાનું અચૂક શીખવે છે. સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલું ‘આસપાસ દાદા’નું આ પવિત્ર સ્થાનક ખરેખર તો મહાભારત કાળના મહર્ષિ આસ્તિકનું છે, જેમનું માત્ર નામ લેવાથી સર્પ અને જાનવરોનો ભય દૂર થઈ જાય છે તેવી સુરતીઓમાં પ્રબળ આસ્થા છે.

મહર્ષિ આસ્તિક કે ‘આસપાસ દાદા’: ગોડાદરાનું પવિત્ર સ્થાનક અને જાનવરોના ભયથી રક્ષણ આપતો અતૂટ વિશ્વાસ

પૌરાણિક કથા અનુસાર, અભિમન્યુ અને ઉત્તરાના પુત્ર રાજા પરીક્ષિતનું મૃત્યુ ભયંકર તક્ષક નાગના દંશથી થયું હતું. પોતાના પિતાના મૃત્યુનો બદલો લેવા માટે તેમના પુત્ર રાજા જન્મેજયે એક વિશાળ ‘સર્પ યજ્ઞ’ નું આયોજન કર્યું. આ પ્રચંડ યજ્ઞમાં પૃથ્વી પરના તમામ સર્પો ખેંચાઈને અગ્નિમાં ભસ્મીભૂત થવા લાગ્યા. પોતાના વંશનો સર્વનાશ થતો જોઈ નાગરાજ વાસુકિએ તેમની બહેન માતા મનસા (જે મહર્ષિ આસ્તિકના માતા હતા) ને વિનંતી કરી કે હવે માત્ર તેમનો પુત્ર જ નાગવંશની રક્ષા કરી શકે છે.

માતાની આજ્ઞાથી મહર્ષિ આસ્તિક યજ્ઞ સ્થળે પહોંચ્યા અને પોતાની દિવ્ય વાણી તથા અખૂટ જ્ઞાનથી રાજા જન્મેજયને મોહિત કરી દીધા. રાજાએ પ્રસન્ન થઈને વરદાન માંગવા કહ્યું, ત્યારે આસ્તિક મુનિએ તેમને સર્પ યજ્ઞ તાત્કાલિક બંધ કરવા કહ્યું અને તમામ નાગ દેવતાઓને જીવનદાન અપાવ્યું.

પોતાના પ્રાણ બચાવનાર આસ્તિક મુનિને નાગ દેવતાઓએ એક અનોખું અને કાયમી વરદાન આપ્યું: “જે કોઈ પણ વ્યક્તિ સાચા હૃદયથી તમારું નામ લેશે, તેને ક્યારેય કોઈ સર્પ, ઝેરી જીવજંતુ કે હિંસક જાનવર નુકસાન પહોંચાડી શકશે નહીં અને તે હંમેશા રક્ષિત રહેશે.” આ જ વરદાન સદીઓ પછી આજે પણ સુરતીઓના અતૂટ વિશ્વાસનો મૂળ આધાર છે.

મહાભારત કાળની આ કથા સુરતના ગોડાદરા વિસ્તાર સાથે કઈ રીતે જોડાઈ તેનો ઈતિહાસ પણ અત્યંત રોમાંચક અને ચમત્કારિક છે. વર્ષો પહેલાં ગોડાદરા ગામમાં એક મોટું તાડનું વૃક્ષ હતું. એક દિવસ અચાનક જ આ તાડનું વૃક્ષ જાતે જ ફાટ્યું અને તેમાંથી એક સ્વયંભૂ ઋષિની મૂર્તિ પ્રગટ થઈ.



ઝાડમાંથી મૂર્તિ પ્રગટ થવાની વાત સાંભળીને ગામલોકો ભેગા થયા અને અચરજમાં પડી ગયા કે આખરે આ કયા દેવની કે ઋષિની મૂર્તિ છે? ત્યારે જ તે ગામના એક પરમ ભક્ત પર મહર્ષિ આસ્તિક પ્રસન્ન થયા. તેમણે તે ભક્તના આત્મામાંથી (અવાજ રૂપે) સ્વર પ્રગટ કરીને સૌને જણાવ્યું કે, “આ મૂર્તિ મારી એટલે કે આસ્તિક ઋષિની છે.” ત્યારબાદ અહીં આસપાસ દાદાના પવિત્ર સ્થાનકની સ્થાપના કરવામાં આવી, જે આજે લોકોની અપાર શ્રદ્ધાનું કેન્દ્ર છે.




આજે આ સ્થાનકનું ધાર્મિક મહત્ત્વ ખૂબ જ મોટું છે. સુરત કે આસપાસના વિસ્તારોમાં જ્યારે પણ કોઈ વ્યક્તિને હડકાયું કૂતરું કરડે, સાપ દંશ મારે, કે કોઈ ઝેરી જાનવર કરડે, ત્યારે લોકો સૌથી પહેલાં ‘આસપાસ દાદા’ ની માનતા રાખે છે. જે લોકોની કુંડળીમાં ‘સર્પદોષ’ હોય, તેઓ પણ તેના નિવારણ માટે અહીં વિશેષ પૂજા અને દર્શન કરવા આવે છે. શ્રદ્ધાળુઓ માને છે કે દાદાની માનતા પૂરી કરવાથી ઝેરની અસર નાબૂદ થાય છે.

આજે આ સ્થાનકનું ધાર્મિક મહત્ત્વ ખૂબ જ મોટું છે. સુરત કે આસપાસના વિસ્તારોમાં જ્યારે પણ કોઈ વ્યક્તિને હડકાયું કૂતરું કરડે, સાપ દંશ મારે, કે કોઈ ઝેરી જાનવર કરડે, ત્યારે લોકો સૌથી પહેલાં ‘આસપાસ દાદા’ ની માનતા રાખે છે

આ પવિત્ર સ્થાનકની સૌથી મોટી ઉજવણી દિવાળીના તહેવારોમાં થાય છે. અહીં દિવાળીથી લઈને લાભ પાંચમ સુધી એક ભવ્ય મેળો ભરાય છે. આ પાંચ દિવસો દરમિયાન હજારોની સંખ્યામાં ભક્તો દાદાના આશીર્વાદ લેવા ઉમટી પડે છે. એવી દ્રઢ માન્યતા છે કે આ સમયગાળા દરમિયાન જો આસ્તિક દાદાના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરી લેવામાં આવે, તો આખું વર્ષ જન-જનાવર કે ઝેરી જીવજંતુઓનો કોઈ જ ભય રહેતો નથી.

સદીઓ પૂર્વે મહાભારત કાળમાં જન્મેલા એક મહાન ઋષિ આજે પણ સુરતીઓના રોજિંદા જીવનમાં ‘આસપાસ દાદા’ બનીને જીવંત છે. આ સ્થાનક માત્ર એક ઈમારત કે મંદિર નથી, પરંતુ ડર સામે રક્ષણ આપતા એક અતૂટ વિશ્વાસનું અને સુરતીઓની નિખાલસ ભક્તિનું પ્રતીક છે.



મહર્ષિ આસ્તિક એટલે કે આસપાસ દાદાની આ કથા મહાભારતના આદિ પર્વનો એક ભાગ છે.